# Mahabharat Stories

## Table of Contents


દ્રોણાચાર્ય અને દ્રુપદ (Dronacharya and Drupad) .... 3
દ્રોણાચાર્ય અને દડો (Dronacharya and the ball) .... 4
ગણેશ અને વ્યાસ (Ganesh and Vyas) .... 5
અર્જુન અને ચકલી (Arjun and the bird) .... 6
અર્જુનનો અભ્યાસ (Arjun's practice) .... 7
ભીમ અને લાડુ (Bheem and laadus) .... 8
કર્ણ (Karna) .... 9
કર્ણ અને ઇન્દ્ર (Karna and Indra) .... 10
કર્ણ અને દુર્યોધન (Karna and Duryodhana) .... 11
ખાંડવવન (Khandavan) .... 12
એકલવ્ય (Eklavya) .... 13
લાક્ષાગૃહ (Wax house) .... 14
દ્રૌપદી (Draupadi) .... 15
દ્રૌપદી અને અક્ષયપાત્ર (Draupadi and Akshaypaatra) .... 16
ભીમ અને બકાસુર (Bheem and Bakasur) .... 17
ભીમ અને હનુમાન (Bheem and Hanuman) .... 18
અર્જુન અને હનુમાન (Arjun and Hanuman) .... 19
અભિમન્યુ (Abhimanyu) .... 20
કૃષ્ણ અને અર્જુન અને દુર્યોધન (Krishna and Arjun and Duryodhana) .... 21
યુધિષ્ઠિર અને કૂતરો (Yudhishtir and the dog) .... 22
શકુંતલા (Shakuntala) .... 23
રાજા સંવરણ (Raja Samvaran) .... 24
વિદુલા (Vidula) .... 25
રાજા શિબી (Raja Shibi) .... 26




Vedlink

બ્રાહ્મણ પરિવારનો યજ્ઞ (The brahman family's yagna)........................................................................................................ 27

VedInk

# દ્રોણાચાર્ય અને દ્રુપદ (Dronacharya and Drupad)

બ્રાહ્મણ દ્રોણ ભારદ્વાજના પુત્ર અને ક્ષત્રિય દ્રુપદ રાજા પ્રિશતાનો પુત્ર , ઋષિ ભારદ્વાજના આશ્રમમાં સાથે અભ્યાસ કરતા હતા. હંમેશા સાથે રમતા અને અભ્યાસ કરતા કરતા તેઓ ગાઢ મિત્રો બની ગયા. આખરે, આશ્રમ છોડવાનો સમય આવ્યો ત્યારે દ્રુપદે દ્રોણને કહ્યું કે તેઓ મિત્રો કરતાં પણ વધારે ભાઈઓ જેવા છે; તેથી જ્યારે તે રાજા બનશે ત્યારે દ્રોણ ને પોતાનું  અડધું રાજ્ય આપશે . દ્રોણાચાર્ય આવા ઉદાર મિત્ર માટે આભાર દર્શાવ્યો. વર્ષો વીતતા ગયા અને દ્રુપદ પંચાલ દેશ ના રાજા બન્યા અને દ્રોણાચાર્ય તેમના દિવસો સમાજના ઉત્થાન માટે આદર્શ બ્રાહ્મણ તરીકે વિતાવતા હતા.દ્રોણાચાર્ય ખૂબ સાદું જીવન જીવતા હતા અને કુટુંબ નિર્વાહ માટે સમાજ પર આધાર રાખતા કમનસીબે, સમાજ પોતાનું કર્તવ્ય ચુક્યો અને દ્રોણાચાર્ય અને તેમના પરિવારને રોજીંદુ ભોજન મેળવવામાં મુશ્કેલી પડતી જેની દરકાર સમાજે ના કરી. એક દિવસ દ્રોણના પુત્ર અશ્વથામાને દૂધ જોઈતું હતું.પરંતુ ઘર માં કંઈ ન હતું અને તેથી કૃપી માતાએ પાણીમાં થોડો લોટ ભેળવીને તેના પુત્રને આપ્યો.બીજા બાળકો આ જોઈ ને હસ્યા અને અશ્વથામાની મજાક ઉડાવી. દ્રોણાચાર્ય પુત્રને અકારણ પીડાતા જોઈ ના શક્યા અને પોતાનું ભાગ્ય બદલવાનું તેમને નક્કી કર્યું . તેથી દ્રોણ દ્રુપદ પાસે ગયા, જ્યાં તેમનું આદરપૂર્વક સ્વાગત કરવામાં આવ્યું.દ્રોણે પછી દ્રુપદને યાદ કરાવ્યું કે દ્રુપદે પોતાનું અડધું રાજ્ય આપવાનું વચન આપ્યું હતું.આ સાંભળીને દ્રુપદ માત્ર હસ્યા અને કહ્યું કે તે બાળપણની નાદાનિયત હતી. દ્રોણ ને આ અપમાન લાગ્યું અને દ્રુપદ સાથે બદલો લેવા તેણે શાહી શિક્ષક બનવા માટે હસ્તિનાપુર જવાનું નક્કી કર્યું, જેથી ભવિષ્ય માં દ્રોણ નો શિષ્ય આ અપમાન નો બદલો લઇ શક. હસ્તિનાપુર માં દ્રોણ તેમના પરિવાર સાથે શાહી કર્મચારી તરીકે રહેવાનું શરૂ કર્યું, જ્યાં તેમણે કૌરવો અને પાંડવોને યુદ્ધ વિદ્યા શીખવી. આખરે, ગુરુ દક્ષિણા તરીકે, અર્જુને દ્રોણાચાર્ય માટે દ્રુપદને હરાવ્યા.

**જો કાળજી લેવામાં ન આવે તો મિત્રતા તૂટી શકે છે**

# દ્રોણાચાર્ય અને દડો (Dronacharya and the ball)

કૌરવો અને પાંડવો એક દિવસ મેદાનમાં એક દડા સાથે રમી રહ્યા હતા. તેઓ હસતા રમતા આનંદ કરી રહ્યા હતા. રમતમાં યુધિષ્ઠિરે દડો દુર્યોધન તરફ ફેંક્યો, પણ તે ખૂબ ઉંચો જઈ પછી કૂવામાં પડી ગયો. હવે શું કરવું વિચારતા બધા રાજકુમારો કૂવાની આસપાસ ભેગા થયા. ભીમે દડાને પકડવા માટે, અંદર જવાનો પ્રયાસ કર્યો, પરંતુ કૂવો ઘણો ઊંડોં હતો. એક પછી એક, બધાએ દડા સુધી પહોંચવાનો પ્રયત્ન કર્યો, પરંતુ તે બધા નિષ્ફળ ગયા. એક અનુભવી જ્ઞાની માણસ ત્યાંથી પસાર થઈ રહ્યો હતો તે રાજકુમારો ની વ્યવહારિક અકુંશળતા જોઈ હસવા લાગ્યો. "તમે બધા હસ્તિનાપુરના ક્ષત્રિય રાજકુમારો છો, અને તેમ છતાં તમે કૂવામાંથી એક દડો મેળવી શકતા નથી? જુવો હું તમને સરળતાથી  દડો બહાર કાઢી બતાવું ". આ   માણસે થોડું ઘાસ લીધું અને તેને બાંધી ઘાસનો ભારો બનાવ્યો. ભરાણો  ઉપયોગ કરીને, તેણે કૂવામાંથી દડો બહાર કાડયો. રાજકુમારો આશ્ચર્યચકિત થયા. તેઓ દોડીને ભીષ્મ પિતામહ પાસે ગયા અને આ માણસ વિશે કહ્યું. ભીષ્મને લાગ્યું કે આવો કુશળ માણસ દ્રોણાચાર્ય જ હોવો જોઈએ. ભીષ્મ આદરપૂર્વક દ્રોણાચાર્ય પાસે ગયા અને તેમને રાજવી ગુરુ બનાવ્યા

**સર્જનાત્મક ઉકેલો હંમેશા શોધી શકાય છે**

# ગણેશ અને વ્યાસ (Ganesh and Vyas)

વેદ વ્યાસને મહાભારત લખાવવું હતું અને તેની માટે તેમને એક લેખક ની જરૂર હતી પણ આખા વિશ્વમાં એવો લેખક ન હતો જે ઝડપથી લખી શકે. છેવટે તે ગણેશ પાસે ગયા. ગણેશે કહ્યું , "હું તમને મદદ કરીશ, પણ મારી એક શરત છે.  હું લખવાનું ચાલુ કરીશ તો પછી હું રાહ નહિ જોઉં." વ્યાસે વિચાર્યું અને જવાબ આપ્યો, "હું સંમત છું, સામે મારી પણ એક શરત છે. તમારે સમજીને જ બધું લખવાનું!" બન્ને એ શરત માન્ય રાખીને મહાભારત લખવાનું ચાલુ કર્યું. જ્યારે વ્યાસને નિત્ય કર્મ કે વિરામ ની જરૂર હોય, ત્યારે તે કઠણ શબ્દો અને વાક્ય વાપરતા, જેનાથી ગણેશને લખવામાં વાર લાગે. ગણેશ પણ મહાભારત ની કથામાં એટલા તો મગ્ન થયા કે એક વાર તેમની કલમ તૂટી ગઈ તો પણ તેમણે પોતાનો દાંત તોડીને લખવાનું ચાલુ રાખ્યું!

**સાથે મળીને કામ કરવાથી કલાના મહાન કાર્યો બનાવી શકાય છે**

vedink

# અર્જુન અને ચકલી (Arjun and the bird)

દ્રોણાચાર્ય ક્ષત્રિય રાજપરિવારના શિક્ષક હતા. એક દિવસ તેમણે બધા કૌરવો અને પાંડવો ને ભેગા કર્યા અને કહ્યું કે “આ ઝાડ માં એક લાકડાની ચકલી છે. તમે બધા એક પછી એક આવીને તેની આંખમાં બાણ મારવાનો પ્રયત્ન કરો. કૌરવો પહેલા ગયા. દુર્યોધન નિશાન સાધવા ધનુષ્ય પકડીને તૈયાર થયો. દ્રોણએ એને રોકાયો અને પૂછ્યું , “તને શું દેખાય છે?” દુર્યોધને કહ્યું,” મને વન દેખાયછે, જેમાં ઝાડ છે, અને તેના ઉપર ચકલી બેઠી છે!” દ્રોણાચાર્યે તેને ધનુષ્ય ઉપર બાણ સંધાન કરવાની ના પાડી અને કહ્યું કે તું હમણાં રાહ જો. એક પછી એક બધા કૌરવો અને પાંડવો આવ્યા અને દ્રોણાચાર્યએ બધાને આજ સવાલ પૂછ્યો કે “તમને શું દેખાય છે?” અને બધાના જવાબ સાંભળીને એમને નિશાન સાધતા રોકાયા. છેવટે અર્જુનનો વારો આવ્યો. ગુરુ દ્રોણે પાછો સવાલ પૂછ્યો કે તને શું દેખાય છે? અર્જુને કહ્યું, “મને ફક્ત ચકલી ની આંખ દેખાય છે. દ્રોણાચાર્ય ખુશ થતા અર્જુનને નિશાન લેવાની આજ્ઞા આપી અને કહ્યું, “શાબાશ, બાણ છોડ!” અને અર્જુનનું તીર સરરર કરતુ સીધું ચકલીની આંખમાં અટક્યું. દ્રોણાચાર્યએ સમજાવ્યું કે હંમેશા જે પણ કામ કરો તે પૂરા ધ્યાન થી કરો, તો ચોક્કસ તમે વિજયી થશો.

**ધ્યાન થી કામ કરો તો વિજયી થશો**

Vedink

# અર્જુનનો અભ્યાસ (Arjun's practice)

એક વાર આચાર્યદ્રોણ રાત્રે તારા જોતા, નીરવ શાંતિ માણી રહ્યા હતા; ત્યાં અચાનક સરરરર એવો બાણનો અવાજ સાંભળ્યો. આચાર્ય વિચારમાં પડ્યા કે આટલા અંધારામા કોણ બાણ છોડે છે? આકાશમાં અમાસ હોવાથી ચંદ્રનો પ્રકાશ પણ નથી. આચાર્યએ પૂછ્યું કે "કોણ છે?" પાછો જવાબ આવ્યો કે "ઋષિ, હું છું, અર્જુન!" અને પછી અર્જુન દ્રોણાચાર્યને નમસ્કાર કરવા નજીક આવ્યો. ગુરુ દ્રોણ આશ્ચર્યથી પૂછ્યું," કેમ આટલા અંધારામા બાણવિદ્યા અજમાવી રહ્યા છો?" તો અર્જુને જવાબ આપ્યો કે "આજે સાંજે ભીમ દિવાના પ્રકાશમાં ભોજન કરતો હતો. આચાનક હવાના કારણે દીવો બુઝાઇ ગયો. તોપણ ભીમ અંધારામાં ખાતો રહ્યો જાણે કંઇ થયું ન હોય. મને લાગ્યું કે જો ભીમ અંધારામાં જમી શકે, તો હું પણ અંધારામાં ધનુષ્ય સંધાન કેમ ના કરી શકું?" દ્રોણાચાર્ય હસીને કહ્યું" અર્જુન તારો આ ઉત્સાહ અને મહેનત મને દંગ કરે છે! પ્રભુ ચોક્કસ તારી મેહનતનું ફળ આપશે."

**પૂર્ણતા પામવા માટે અભ્યાસની જરૂરી છે**

Vedlink

# ભીમ અને લાડુ (Bheem and laadus)

પિતરાઈ  ભાઈઓ કૌરવો અને પાંડવો નાનપણમાં સાથે રમતા ઝગડતા તેના કાંઈ નવાઈ ન લાગે. પણ અંદરખાને કૌરવોને પાંડવોની ઈર્ષ્યા કરતા તે ઠીક ન હતું. આ ઈર્ષા ની પરાકષ્ઠા દર્શાવતો પ્રસંગ કાંઈક આમ છે. એક વખત કૌરવોએ ઝેર આપીને બેભાન ભીમને નદીમાં છોડી દીધો. બેભાન ભીમ નદીમાં તરતો તરતો છેક નાગલોક પહોંચ્યો જ્યાં નાગ લોકોએ તેને બચાવ્યો. પાંડવો અને માતા કુંતી શરૂઆત માં આશા રાખેલી કે ભીમ જરૂર સજોસમો પાછો આવશે, આ માટે તેમણે ભીમ માટે નિયમિત પ્રભુ ને પ્રાર્થના પણ કરેલી પણ સમય તો થોડો ઉભો રહે? દિવસો પછી મહિનાઓ વીત્યા ગયા અને તેમની આશા નો દોર તૂટી ગયો. છેવટે તેમને ભીમ નું શ્રાધ કરવા નું નક્કી કરી ઘણા બધા બ્રાહ્મણોને આમંત્રણ આપ્યું. અહીં ભીમ તો સાચી સારવાર મળતા તાજોમાજો થયો છે. મહિનાઓ ચડતા ગયા અને હવે તેને પોતાની માં અને ભાઈઓ યાદ આવ્યા. નાગ લોકોની રજા લઇ ને ભીમે ઘર જવા પ્રસ્થાન કર્યું. રસ્તા માં બ્રાહ્મણો પાસે ભીમે શ્રાધ વિશે સાંભળ્યું અને તેમની સાથે જોડાવાનું નક્કી કર્યું. પંગત માં  તે અન્ય બ્રાહ્મણો સાથે જમવા બેઠો. રાજાને ત્યાં કાંઈ રસોઈ ખૂટે? પણ લગભગ બધું જ ખાવાનું સફાચટ કરતો તે ખાતો જ રહ્યો, ખાતો જ રહ્યો. જાણે તપેલા ના તળિયા દેખાવા લાગ્યા. હવે બધા ચિંતા માં પડ્યા કે રાજાની આબરૂ જશે કે શું? પીરસનારા માતા કુંતી પાસે આવ્યા અને આ બ્રાહ્મણ છોકરા વિશે વાત કરી કહ્યું કે આનું તો પેટ છે કે પટારું? આટલું બધું ખાઈને પણ ધરાતો નથી? માતા કુંતી હસવા લાગી કારણ કે તે જાણતી હતી કે તેનો ભીમ જ આટલું ખાઈ શકે! તેણે પાંચ નાના લાડુ જાતે બનાવ્યા અને કહ્યું કે આ બ્રાહ્મણ છોકરાને આપો અને જો તેને ખાધા પછી ઓડકાર આવે તો કાન પકડી મારી પાસે લાવો. ભીમે માંડ એક બટકું લીધું કે ઓડકાર આવ્યો અને જાયને તે તૃપ્ત થઈ ગયો. કુંતી દોડતી બહાર આવી અને ભીમને બાથ માં લીધો. આમ માતા નું બનાવેલું ભોજન ખાધા પછી જ ભીમ સંપૂર્ણ રીતે સંતુષ્ટ થયો!

**માતાનો પ્રેમ સંતોષકારક છે**

# કર્ણ (Karna)

સૂર્યપુત્ર કર્ણને તીરંદાજી શીખવાની તીવ્ર ઇચ્છા હતી. પરંતુ એક સમસ્યા હતી. તેમના પાલક પિતા, અધિરત શુદ્ર હતા. કર્ણના વંશને કારણે, રાજગુરુ દ્રોણાચાર્યે કર્ણ ને ધનુર્વિદ્યા શીખવવાનો ઇનકાર કર્યો તેથી કર્ણ પરશુરામ પાસે ગયો અને તેમના વિદ્યાર્થી તરીકે સ્વીકારવાની ભીખ માંગી. પરશુરામે માત્ર બ્રાહ્મણોને ભણાવવાનું વચન આપ્યું હતું. પોતાનો વંશ છુપાવી કર્ણે પરશુરામને કહ્યું કે તે બ્રાહ્મણ છે. કર્ણના ઉત્સાહ અને જિજ્ઞાસાથી પરશુરામ પ્રભાવિત થયા અને શિષ્ય તરીકે સ્વીકારી કર્ણને શીખવવાનું શરૂ કર્યું. કર્ણે ખુબ એકાગ્ર થઇ ઝડપથી બધી વિદ્યા શીખી અને મહેનત થી નિપુણતા મેળવી. તે તીરંદાજીમાં ખાસ પારંગત હતો. એક દિવસ પરશુરામ કર્ણના ખોળામાં આરામ કરી રહ્યા હતા , ત્યારે એક જંતુ કર્ણ ની જાંઘ ઉપર ચડ્યો અને તેને કરડવા લાગ્યો. ઘા ની પીડાથી ઘણું દર્દ થયું પણ કર્ણ હાલ્યો નહિ કારણ કે  ગુરુ પરશુરામ તેના ખોળામાં સૂતા હતા અને ગુરુની નિદ્રામાં ખલેલ પહોંચાડવું યોગ્ય ના હતું. છેવટે, ઘામાંથી લોહી વહેવા લાગ્યું અને પરશુરામને ગાલ ઉપર ગરમ લોહી નો સ્પર્શ થવાથી તે જાગી ગયા. પરશુરામે પૂછ્યું કે આ લોહી ક્યાંથી આવ્યું? કર્ણે કહ્યું કે એક જંતુ તેને કરડ્યું અને તેથી ઘા માંથી લોહી વહ્યું. આ સાંભળીને પરશુરામ કહે કે “માત્ર ક્ષત્રિય જ આટલી પીડા સહન કરી શકે છે. ખરેખર તું કોણ છે?” હવે ના છૂટકે કર્ણે તેના વંશ વિશે સત્ય જણાવ્યું. આ સાંભળીને પરશુરામે ગુસ્સે થઈને કર્ણને શ્રાપ આપ્યો કે જ્યારે તેને આ વિદ્યા ની સૌથી વધુ જરૂર હશે ત્યારે તે, આ જ્ઞાનને ભૂલી જશે. અને વર્ષો પછી આ જ એક કારણ હતું કે કર્ણ યુદ્ધના મેદાનમાં અર્જુન સામે હારી ગયો.

**જ્ઞાન માટેની ઝંખના મહત્વપૂર્ણ છે**

# કર્ણ અને ઇન્દ્ર (Karna and Indra)

પાંડવોનો તેર વર્ષનો વનવાસ લગભગ સમાપ્ત થઈ ગયો હતો. અર્જુન ઇન્દ્ર દેવનો પુત્ર હતો, વળી ધર્મ યુદ્ધ હોવાને કારણે ઇન્દ્રને આ યુદ્ધમાં પાંડવોને જીતવાનું અનિવાર્ય લાગતું હતું. ઈન્દ્રને લાગ્યું કે કર્ણ પાંડવો માટે સૌથી મોટો ખતરો હતો. સૂર્યદેવના પુત્ર કર્ણનો જન્મ દિવ્ય કવચ અને કુંડળ સાથે થયો હતો જે કર્ણ માટે અભેદ્ય બખ્તરની જેમ હતું તેથી કર્ણ અવધ્ય હતો. વળી કર્ણ તેની ઉદારતા માટે પ્રખ્યાત હતા.તે હંમેશા બીજાને આપવાનો સંકલ્પ પૂરો કરવા તત્પર રહેતો. ઇન્દ્રે કર્ણની આ નબળાઈનો પોતાના સ્વાર્થ માટે ઉપયોગ કરવાનો નક્કી કર્યું. સૂર્યદેવ ઇન્દ્રની આ યોજના સમજી ગયા અને સ્વપ્નમાં કર્ણ પાસે આવ્યા. તેમણે કર્ણને કહ્યું કે ઇન્દ્રદેવ બ્રાહ્મણના વેશમાં તેના કવચ અને કુંડળ માંગવા આવશે.સૂર્યદેવે કર્ણને કહ્યું કે તે કવચ અને કુંડળ ઇન્દ્રને ન આપે.પણ કર્ણ પોતાના નિર્ણય ઉપર અડગ હતો, ભલેને કવચ અને કુંડળ જવાથી પોતાનું રક્ષણ ગુમાવું પડે! સૂર્યદેવે કર્ણને સમજાવાનો ઘણો પ્રયત્ન કર્યો, પણ કર્ણ પોતાના નિર્ણય પર અડગ રહ્યો. બીજા દિવસે, જ્યારે ઇન્દ્ર બ્રાહ્મણના વેશમાં કર્ણ પાસે કવચ અને કુંડળ માંગવા આવ્યા, ત્યારે કર્ણે આદરથી તે આપી દીધા. કર્ણની ઉદારતાથી પ્રભાવિત થઇ ઈન્દ્રદેવે કવચ અને કુંડળનાં બદલામાં કર્ણને વચન માંગવાનું કહ્યું. કર્ણે બદલામાં ઇન્દ્ર પાસે શક્તિ શસ્ત્ર માંગ્યું. પોતાની છેતરપિંડી થઈ રહી છે તે જાણ્યા છતાં, કર્ણ પોતાના સિદ્ધાંતો પર અડગ રહ્યો.

**સિદ્ધાંતો મહત્વપૂર્ણ છે, પરંતુ વ્યક્તિએ લવચીક પણ હોવું જોઈએ**

# કર્ણ અને દુર્યોધન (Karna and Duryodhana)

દ્રોણાચાર્યએ તેમના વિદ્યાર્થીની કુશળતા દર્શાવવા માટે એક ઉત્સવ યોજ્યો હતો.કૌરવો અને પાંડવોને જોવા માટે દેશભરથી લોકો આવ્યા હતા. અર્જુન દ્રોણાચાર્ય નો પ્રિય શિષ્ય હતો કારણકે અર્જુન કુશળ તીરંદાજ હતો. અર્જુન નાના, હલનચલન કરતા લક્ષ્યોને સરળતાથી વેધી શકતો વળી તીરંદાજી માં એટલો તો ઝડપી હતો કે તેના તીર જોઈ શકાતા ન હતા જાને કે અદૃશ્ય તીર ના હોય! અખાડામાં એક છોકરા સિવાય બધાજ અર્જુનથી પ્રભાવિત થયા.આ છોકરો એટલે કર્ણ. તીરંદાજીમાં અર્જુનને પડકારવા કર્ણ ઉભો થયો અને આત્મવિશ્વાસથી કહ્યું, “હું કર્ણ છું અને અર્જુનને તીરંદાજીમાં હરાવી શકું છું.”દ્રોણાચાર્યએ અહીં કર્ણ ને રોક્યો કારણ કે આ રાજકુમારો ની કૌશલ્ય બતાવવાનો સમારંભ હતો. સમાજ માટે કર્ણ રાજકુમાર તો છોડો ક્ષત્રિય પણ ન હતો. આ સાંભળીને વિમનસ્ક થઇ કર્ણ  મેદાનમાં એકલો લજ્જિત થઈ ઊભો રહ્યો.આ જોઈને તકસાધુ દુર્યોધને મદદ કરવાનું નક્કી કર્યું. દુર્યોધન અર્જુન અને પાંડવોને હરાવી શકે તેવી વ્યક્તિ સાથે મિત્રતા કરવા માંગતો હતો.દુર્યોધને તાત્કાલિક કર્ણ ને અંગનો રાજા બનાવ્યો. કર્ણએ પૂછ્યું કે બદલામાં દુર્યોધનને તે શું આપી શકે ત્યારે  દુર્યોધન જીવનભર કર્ણ ની મિત્રતા ઈચ્છે છે તેમ કહ્યું.આ રીતે કર્ણ અને દુર્યોધન મિત્ર બન્યા.

**જરૂરિયાત મિત્રતા બનાવી શકે છે**

# ખાંડવવન (Khandavan)

ધૃતરાષ્ટ્રે પાંડવોને રાજ્યના ભાગમાં પડતર જમીન આપી હતી. આ ઇન્દ્રપ્રસ્થમાં પાંડવો રહેતા હતા. કૃષ્ણ પાંડવોને રાજ્યસ્થાપિત કરવામાં મદદ કરતા હતા. ત્યારે અગ્નિદેવ તેમની પાસે આવ્યા અને મદદ માંગી. અગ્નિદેવે કહ્યું કે જન્મારાની અતૃપ્ત ભૂખ સંતોષવા માટે અર્જુન અને કૃષ્ણની મદદની જરૂર છે. ખાંડવવન જો અગ્નિદેવને ભોજન તરીકે મળે તો આ ભૂખ સંતોષાય. ખાંડવવનમાં રહેતા તક્ષક નાગ પરિવારને ઈન્દ્રદેવે રક્ષણ આપવાનું વચન આપેલું તેથી અગ્નિ જ્યારે પણ ખાંડવવનને બાળવાનો પ્રયત્ન કરતા ત્યારે વરસાદ પાડીને ઇન્દ્રદેવ તેનો પ્રયત્ન નિષ્ફળ કરતા. કૃષ્ણ અને અર્જુન સંમત થયા કે ઇન્દ્ર માત્ર એક મિત્રના રક્ષણ માટે અગ્નિદેવનું ભોજન અટકાવે છે તે યોગ્ય નથી. તેથી અગ્નિદેવને મદદ કરવાનું વચન આપ્યું. બળવાન ઇન્દ્રને રોકવા અર્જુન પાસે જોયતું સાધન ન હતું  તેથી અગ્નિએ અર્જુનને ગાંડીવ ધનુષ આપ્યું.

હવે અગ્નિદેવ ખાંડવવન સળગવા લાગ્યા ત્યારે હંમેશની જેમ ઇન્દ્રદેવે ભારે વરસાદ વરસાવ્યો.  ઇન્દ્રના આ ભારે પ્રકોપને રોકવા કૃષ્ણએ તેમના સુદર્શનચક્રનો ઉપયોગ કર્યો અને અર્જુને ગાંડીવ ધનુષનો ઉપયોગ કરી બાણનો ભારે મારો ચલાવ્યો. ઈન્દ્રદેવે ગમે તેટલો વરસાદ વરસાવે પણ વનમાં પાણી પહોંચી શક્યું નહિ. અંતે, ઇન્દ્રદેવ થાકી ગયા અને અગ્નિદેવ પોતાનું ભોજન મેળવી સંતુષ્ટ થયા. વનમાં રહેતા બધા હિંસક પ્રાણીઓનો ખાદમો નીકળી ગયો, માત્ર તક્ષકનાગ તે વખતે કોઈ કાર્યસર બહારગામ હતો તેથી બચી ગયો.

**હિંમત અને નિર્ભયતા મહાનતામાં પરિણમે છે**

# એકલવ્ય (Eklavya)

એકલવ્ય એક શિકારીનો પુત્ર હતો. તે દ્રોણાચાર્ય પાસેથી તીરંદાજી શીખવા માંગતો હતો પરંતુ એકલવ્ય રાજવી ન હોવાથી તેને દ્રોણાચાર્ય શિષ્ય તરીકે સ્વીકારી ના શક્યા. છતાં તે નિરાશ ન થયો. એકલવ્યએ તેમણે દ્રોણાચાર્યની માટીની મૂર્તિ બનાવી અને તેની સામે ખંત અને ધીરજ થી શીખવા લાગ્યો. ધીમે ધીમે સખત મહેનત અને સમર્પણ સાથે તે ધનુર્વિદ્યામાં નિષ્ણાત બન્યો. એક દિવસ, અર્જુન અને અન્ય કુરુ રાજકુમારો રમી રહ્યા હતા ત્યાં તેઓએ એક કૂતરો ભસતો જોયો. અચાનક, સનનન કરતુ તીર આવ્યું અને કૂતરાના મોઢામાં પ્રવેશ્યું.આશ્ચર્ય ની વાત એ હતી કે કૂતરો ઉજાગ્રસ્ત હતો પરંતુ તીર મોઢામાં હોવાથી ભસવાનું બંધ થઇ ગયું!આશ્ચર્ય ચક્તિ થયેલા અર્જુન અને દ્રોણ આ કુશળ ધનુર્ધારી શોધમાં નીકળ્યા તો તેમને ખબર પડી કે આ તો એકલવ્ય નું પરાક્રમ છે, અને દ્રોણાચાર્ય ની મૂર્તિ બનાવી સાધના કરી આ વિદ્યા હાંસિલ કરી છે. ત્યારે દ્રોણે એકલવ્યનો જમણો અંગૂઠો ગુરુદક્ષિણા માં માંગ્યો. એકલવ્ય ખુશીથી સંમત થયો અને તેનો જમણો અંગૂઠો કાપી નાખ્યો. અંગુઠો કાપ્યા છતાં એકલવ્ય એક મહાન યોદ્ધા બન્યો.

**જો તમે પ્રયત્નો કરો તો તમે મહાન બની શકો છો**

# લાક્ષાગૃહ (Wax house)

દુર્યોધન તેના પિતરાઈ ભાઈઓ પાંડવોની ઈર્ષ્યા કરતો અને ઈર્ષા ના અતિરેકમાં તેમને મારવાનો પણ પ્રયાસ કરેલો વાત કંઈક આમ હતી. દુર્યોધને ચોરીછૂપીથી પુરોચનને વર્ણાવ્રતના જંગલોમાં લાક્ષાગૃહ બનાવવા કહ્યું.પછી, તેણે પોતાના પિતરાઈ ભાઈઓને આ મીણના મહેલમાં રહેવા આમંત્રણ આપ્યું. તેની યોજના હતીકે જ્યારે પાંડવો સુતા હોય ત્યારે આ મહેલને બાળી નાખવું! પરંતુ હસ્તિનાપુરના ચતુર મંત્રી વિધુરને દુર્યોધનની આ દુષ્ટ યોજના ની ગંધ આવી.વિદુરે પાંડવોને બચાવવાનો માર્ગ શોધી કાઢ્યો અને મીણના મહેલની નીચે એક સુરંગ બનાવી જેથી સમય આવતા સલામતી થી પાંડવો બહાર નીકળી શકે. વરણાવ્રત માં પાંડવો મહેલમાં આનંદથી  રહેવા લાગ્યા. એક રાત્રે દુર્યોધનની યોજના મુજબ આગ લગાડવામાં આવી અને પાંડવો ભડકતી આગમાંથી બચવા સુરંગના પ્રવેશદ્વાર તરફ દોડ્યા અને બચી ગયા. વિધુરની ચતુરાઈ અને કાળજીથી પાંડવો બચી ગયા.

**સર્જનાત્મક વિચાર જીવન બચાવી શકે છે**

# દ્રૌપદી (Draupadi)

પાંડવોની માતા કુંતી હંમેશા તેના પુત્રોને સલાહ આપતા કે પાંડવો તેમની બધી વસ્તુઓ સમાન રીતે વહેંચે. મત્સ્ય વેધ કરીને મેળવેલી દ્રૌપદી ને લઈને ઘરે પહોંચી માતાને હાક મારી અર્જુને કહ્યું કે "જુઓ માતા, હું શું લાવ્યો છું?" કુંતીએ જવાબમાં કહ્યું કે "બધા ભાઈઓ સાથે સરખે ભાગે વહેંચજે". તેથી માતાના દર એક આદેશનું પાલન કરતા પાંચે પાંડવોએ દ્રૌપદીને પોતાની પત્ની તરીકે સ્વીકારી. અન્ય સ્રોત મુજબ, ઋષિ વ્યાસ સમજાવે છે કે પાંચ ભાઈઓની પત્ની તરીકેની દ્રૌપદી ની પરિસ્થિતિ પૂર્વ જન્મની ચોક્કસ ઘટનાને કારણે છે. કથા મુજબ દ્રૌપદીએ પૂર્વજન્મમાં ભગવાન શિવને પ્રાર્થના કરી હતી કે વશિષ્ટ પાંચ ગુણો ધરાવતો પતિ તેને મળે. ભગવાન શિવ દ્રૌપદી ને સમજાવતા કહે કે આવા વિશિષ્ટ ગુણો ધરાવતો એક પતિ મેળવવો ખૂબ જ મુશ્કેલ છે. પરંતુ દ્રૌપદી પોતાની માગણી ને વળગી રહે છે . તેથી ના છૂટકે ભગવાન શિવ ભલે એમ જ મળશે કહીને ઉમેરે છે કે "તેના આગામી જન્મમાં આ ઈચ્છા પુરી થશે.

દ્રૌપદી ભગવાનની અન્યાન્ય ભક્તિનું ઉદાહરણ છે. માગવા થી મળે પણ ઉત્તમ વૃત્તિ તો કે પ્રભુ ને ગમે તે મને મળે!. આ જન્મમાં હવે તેણે શ્રીકૃષ્ણ પ્રત્યે અત્યંત શ્રદ્ધા દર્શાવી અને પોતાનું તથા પાંડવો નું કલ્યાણ કર્યું.

**જો તમે શુદ્ધ હૃદયથી માંગશો તો ભગવાન આપશે**

# દ્રૌપદી અને અક્ષયપાત્ર (Draupadi and Akshaypaatra)

પાંડવો જ્યારે તેર વર્ષ વનવાસમાં હતા ત્યારે તેમને ઘણી મુશ્કેલીઓ હતી. પરંતુ સદભાગ્યે તેમની પાસે અક્ષયપાત્ર હતું. આ એક જાદુઈ વાસણ હતું જેમ દ્રૌપદી જ્યાં સુધી જમી ના લે ત્યાં સુધી હંમેશા ખોરાકથી ભરેલું રહેતું.એક દિવસ દુષ્ટ દુર્યોધને પાંડવો માટે મુશ્કેલી ઉભી કરવાનું નક્કી કર્યું. દ્રૌપદી જમી રહે પછી તેણે દુર્વાસા મુનિને પાંડવોને મળવા જવાનું કહ્યું. પાંડવો અને દ્રૌપદીએ દુર્વાસા અને તેમના શિષ્યોનું ખૂબ જ આદર સાથે સ્વાગત કર્યું.બપોર નુ ટાણુ અને દુર્યોધન ના કહેવાથી મોડા આવેલા તેથી દુર્વાસા અને શિષ્યો ખૂબ ભૂખ્યા હતા. તેથી જયારે પાંડવોએ તેમને જમવાનું આમંત્રણ આપ્યું તે તરતજ સ્વીકારી સ્નાન કરીને જમીયે આમ કહી નજીક માં વહેતી નદી કિનારે પહોંચ્યા.આ બાજુ દ્રૌપદી ચિંતિત હતી કારણકે દુર્વાસા મુનિ ના આવતા પહેલા પોતે જમી લીધું હતું તેથી અક્ષયપાત્ર  ખાલી છે તો હવે તે આ બધા લોકોને કેવી રીતે જમાડશે? દુર્વાસા ના ગુસ્સા થી કેમ બચવું તે માટે વિચારતી બેઠી હતી ત્યાં અચાનક કોઈએ બારણું ખખડાવવું. દ્રૌપદીએ દરવાજો ખોલ્યો તો સામે કૃષ્ણ ઉભા હતા! તે કહે કે “સખી બહુ ભૂખ લાગી છે, કાંઈક જમવા આપ.” દ્રૌપદી તો રડવા લાગી અને પોતાની મુશ્કેલી રજુ કરી ને કહે કે અક્ષયપાત્ર ખાલી છે, અને તેની પાસે આપવા માટે કંઈ જ નથી. કૃષ્ણે તેને આશ્વાસન આપ્યું કે તું ચિંતા ના કર, મને તારું અક્ષયપાત્ર બતાવ. અવશ્ય કાંઈક તો ચોટેલું હશે તે પણ મને ચાલશે. દ્રૌપદી રસોડામાં ગઈ અને અક્ષયપાત્ર લઈને આવી. કૃષ્ણે તેમાંથી એક શાકભાજીનો ટુકડો શોધ્યો જે વાસણની બાજુમાં ચોંટી ગયો હતો. કૃષ્ણે તે ખાઈ સંતોષથી ઓડકાર લીધો. બીજી બાજુ જાદુઈ રીતે, દુર્વાસા અને તેમના શિષ્યોને પણ ઓડકાર આવ્યો અને તેમની ક્ષુધા સંતુષ્ટ થઇ! તેઓ સ્નાન કર્યા પછી વન છોડી નીકળી ગયા કારણ કે હવે તેઓ કંઈપણ જમી શકે તેમ ન હતા!

**ભગવાન હંમેશા તેમના ભક્તોની મદદ કરે છે**

# ભીમ અને બકાસુર (Bheem and Bakasur)

વિદુર સમય સુચકતા વાપરી લાક્ષાગૃહથી પાંડવો અને કુંતી માતાને બચાવે છે. કૌરવો થી બચવા અજ્ઞાતવાસ માં તેઓ એક બ્રાહ્મણ પરિવાર સાથે એકચક્રમાં રહેતા હતા. એક દિવસ, કુંતીએ બ્રાહ્મણ પરિવારને રડતા સાંભળ્યા. તેણે પૂછ્યું કે, “કેમ રડો છો? શું કાંઈ આફત આવી?” બ્રાહ્મણે જવાબ આપ્યો, "અહીં બકાસુર નામનો રાક્ષસ છે, તેને દરરોજ ખોરાકથી ભરેલું ગાડું ગામવાસીઓને આપવું પડે છે. તે ખોરાક અને ગાડું ચલાવનાર વ્યક્તિ બંને ને ખાઈ જાય છે. આવતી કાલે અમારો વારો છે. અમારા પરિવારની હર એક વ્યક્તિ પોતે જ જવું જોઈએ તે માટે બીજાને સમજાવે છે તેથી બધા દુઃખી છે.” આ સાંભળીને કુંતીએ આગ્રહ કર્યો કે તમે નિશ્ચિન્ત થઇ જાવ, મારો ભીમ જ ગાડું બકાસુર પાસે લઈ જશે. ભીમ માતા ની આજ્ઞાથી ખુશીથી તૈયાર થઇ ગયો. તેને રસ્તામાં ભૂખ લાગી તેથી તેણે ગાડાંમાં રહેલો તમામ ખોરાક પોતે જ ખાઈ લીધો! પછી ખાલી ગાડું લઇ તે બકાસુર પાસે ગયો. ખાલી ગાડું જોઈને બકાસુરને બહુ ગુસ્સે આવ્યો. ભીમે બકાસુર ને સમજાવવાનો પ્રયત્ન કર્યો પણ બકાસુર ગુસ્સા માં હોવાથી સાંભળતો ન હતો. આખરે ભીમને બકાસુર સામે લડવું પડ્યું. બકાસુર ને હરાવીને વિજયી ભીમ ખાલી ગાડું લઇ પાછો આવ્યો અને ભીમે ગામલોકોને વચન આપ્યું કે બકાસુર હવેથી તેમને પરેશાન કરશે નહીં

**અસહાય માટે ઊભા રહો**

# ભીમ અને હનુમાન (Bheem and Hanuman)

પાંચ પાંડવોમાં ભીમ સૌથી શક્તિશાળી હતા. એ વાયુના પુત્ર હતા. એક દિવસ તે વનમાં ફરતા હતા ત્યાં રસ્તામાં એક વૃદ્ધ વાનરની પૂંછડી આડી આવી. ભીમે અભિમાનથી કહ્યું," અરે વાનર! તને ખબર નથી કે હું કોણ છું? તારી પૂંછડી રસ્તામાંથી હટાવ! મને આડી આવે છે." વાનરે ધીમેથી માથું ઊંચું કરીને કહ્યું, "હું તો વૃદ્ધ વાનર છું અને તમે તો બહુ શક્તિશાળી છો તો મને મદદ કરવા મારી પૂંછડી હટાવશો?" ભીમે અભિમાનથી હસીને કહ્યું,"હું તો મોટા પર્વત પણ ઘડીકમાં હટાવી દઉં, તો વળી આ પૂંછડીની શી વસાત ? જુઓ!" એમ કહીને તે નીચો નમ્યો અને પૂંછડી હઠાવવાનો પ્રયત્ન કર્યો પણ તે પૂંછડી જરા પણ ખસેડી શક્યો નહિ. તેને ખૂબ જોર લગાવ્યું તો પણ પૂંછડી હાલી નહિ. આખરે તે થાકી ગયો અને હતાશ થઇ તેણે વાનર ને પૂછ્યું કે "તમે કોણ છો? તમે તો મારા કરતા પણ શક્તિશાળી છો!" વાનરે કહ્યું,"આપણે બંને ભાઈઓ છીએ. હું પણ વાયુનો પુત્ર હનુમાન છું." ભીમ તેમના પગે પડ્યો અને ક્ષમા માંગી. હવે હનુમાન ઉભા થયા અને કહ્યું કે, "ભીમ, તું શક્તિશાળી તો છે, પણ તારી પાસે શક્તિ કોની દેન છે તે ભૂલતો નહિ. ભગવાને તને શક્તિ આપી છે તેથી અભિમાની ના બનતા, નમ્રતાથી શક્તિનો ઉપયોગ બીજાને મદદ કરવા માં વાપર." ભીમ સમજી ગયો અને હનુમાને નમસ્કાર કર્યા.

**હંમેશા યાદ રાખો કે શક્તિ ભગવાન તરફથી મળે છે તેથી નમ્ર રહો**

# અર્જુન અને હનુમાન (Arjun and Hanuman)

અર્જુન દક્ષિણ ભારતમેં રામેશ્વરમ ગયા હતા ત્યાં રામ ભગવાનને લંકા પહોંચવા માટે વાનર સેનાએ બનાવેલા પુલના અવશેષો તેણે જોયા. અર્જુન ને આ જોઈ નવાઈ લાગી અને પૂછ્યું કે રામ તો મહાન તીરંદાજ હતા તો પછી તેમને પથ્થરોના સેતુની જરૂર કેમ પડી? નજીકમાં એક વાંદરાએ આ સાંભળી ને અર્જુનને પડકાર ફેંકતા કહ્યું “રામ ની સેના નું વજન તીર નો સેતુ ઉપાડી ના શકે! તમે પ્રયત્ન કરી એક સેતુ to બનાવી દેખાડો જે માત્ર મારું વજન ઉપાડી શકે!" અર્જુન હસ્યો, "હું તીરોનો મજબૂત સેતુ જો ના બનાવી શકું તો હું મારી જાતને ચિતા પર બાળી નાખીશ."અર્જુને તેના તીરો વડે એક મજબૂત સેતુ બનાવ્યો. વાંદરાએ સેતુ પર પગ મૂક્યો કે સેતુ તૂટી ગયો. અર્જુને ફરી કોશિશ કરી, પણ એ જ પરિણામ આવ્યું. અર્જુન હાર માની આગમાં પગ મૂકવા જતો હતો ત્યારે એક છોકરાએ તેને રોક્યો. અર્જુને પોતાની પરિસ્થિતિ સમજાવી ત્યારે છોકરાએ કહ્યું કે ન્યાયાધીશ વિના આ શરત વ્યાજબી નથી. તેણે અર્જુનને ફરી એકવાર પ્રયાસ કરવા કહ્યું અને પોતે ન્યાયાધીશ તરીકે ચુકાદો આપશે તેમ જણાવ્યું. અર્જુને તેના તીરો વડે એક છેલ્લો સેતુ બનાવ્યો. આ વખતે, જ્યારે વાંદરાએ તેના પર પગ મૂક્યો, ત્યારે તે તૂટ્યો નહીં. વાંદરો મોટો અને મોટો થતો ગયો તો પણ સેતુ રહ્યો. હવે અર્જુન સમજી ગયો કે વાંદરો કોઈ સામાન્ય વાનર નથી, હનુમાન છે. અને હનુમાન પણ સમજી ગયા કે છોકરો કોઈ સામાન્ય છોકરો નથી પરંતુ ભગવાન વિષ્ણુ છે. હનુમાન અને અર્જુન બંનેએ ભગવાન વિષ્ણુને પ્રણામ કર્યા. વિષ્ણુએ અર્જુનને કહ્યું કે તારે અહંકાર ન કરવો જોઈએ અને યાદ રાખવું જોઈએ કે વાનર સેનાએ રામ માટે ભક્તિ અને પ્રેમ સાથે કામ કર્યું હતું.અને વિષ્ણુએ હનુમાનને કહ્યું કે તેણે પણ અર્જુનની કસોટી ન કરવી જોઈએ. પછી નમ્રતા સાથે, અર્જુને હનુમાનને તેના રથની રક્ષા કરવા કહ્યું, તેથી જ મહાભારતના યુદ્ધમાં અર્જુનના રથે હનુમાનનો ધ્વજ લહેરાવ્યો હતો.

**ભૂલશો નહીં કે ભગવાન તમારી શક્તિનું કારણ છે**

# અભિમન્યુ (Abhimanyu)

મહાભારત નું ભીષણ યુદ્ધ શરૂ થયું હતું. પ્રભુપ્રેમી પાંડવો ધર્મ માટે લડતા હતા. યુદ્ધની બારમી રાતે, દરેક વ્યક્તિ બીજા દિવસે કેવી રીતે લડવું તેની વ્યૂહરચના કરવા એકત્રિત થયા હતા. તેમની સામે મોટી સમસ્યા હતી. પાંડવોને માહિતી મળેલી કે કૌરવો ચક્ર વ્યૂહ ની રચના કરવાના છે. હવે પાંડવ પક્ષે માત્ર અર્જુન અને કૃષ્ણ જ જાણતા હતા કે તે રચના સામે કેવી રીતે લડવું પરંતુ તે બંને ને તો સાજિશ કરીને કૌરવોએ કુરુક્ષેત્ર થી દૂર બીજા યુદ્ધ માં વ્યસ્ત રાખ્યા હતા. બધા ખૂબ ચિંતિત હતા કારણકે જો ચક્રવ્યુહ ભેદી ના શકે તો કાલે તેમની હાર નિશ્ચિત હતી. ત્યાં અર્જુનનો સોળ વર્ષનો પુત્ર અભિમન્યુ ઉભો થયો. “તેણે આત્મવિશ્વાસ થી કહ્યું કે તમે ચિંતા ના કરો, હું ચક્રવ્યુહ ભેદીશ.” હકીકત માં અભિમન્યુ ચક્રવ્યુહમાં કેવી રીતે પ્રવેશ કરવો તે જાણતો હતો પણ કેવી રીતે બહાર નીકળવું તેનું જ્ઞાન ન હતું. મતલબ કે તે વ્યૂહ ભેદી તો જાય પણ મદદ વગર એકલો બહાર આવી ના શકે તો તેનું મૃત્યુ અટલ હતુ. તેના કાકાઓએ તેને રોકવાનો પ્રયત્ન કર્યો છતાં પણ તે મક્કમ રહ્યો. બીજો માર્ગ ના હોવાથી છેવટે નક્કી થયું કે અભિમન્યુ ચક્રવ્યુહમાં સેનાનું નેતૃત્વ કરશે , પણ તેને પાછો બહાર લાવવા બધા મહારથીઓ તેને મદદ કરશે. બીજા દિવસે, અભિમન્યુ પરાક્રમ બતાવતો ચક્રવ્યુહ ભેદતો આગળ વધ્યો. જયદ્રથે પાંડવોને અભિમન્યુને અનુસરતા અટકાવ્યા. ભલે તે એકલો હતો, પણ અભિમન્યુ વીરતાથી નિર્ભય બની લડતો રહ્યો. યુદ્ધના નિયમો તોડી કૌરવ મહારથીઓ એકઠા થઇ તેની ઉપર તૂટી પડ્યા ત્યારે તે હાથીઓ થી ઘેરાયેલ સિંહ જેવો લાગતો હતો. છેવટે દ્રોણ, દુશાસન, અશ્વત્થામા, કર્ણ, શકુની, દુર્યોધન, કૃપાચાર્ય,કૃતવર્મા, વૃષસેન દ્વારા એકલા હાથે યુદ્ધ કરતા તેના અસ્ત્રો તૂટી ગયા અને નિઃશસ્ત્ર બાળક ફસાઈ ગયો છતાં તેના ઉપર કૌરવો નો હુમલો બંધ ના થયો વરુ ની જેમ જંગલી બની નિઃશસ્ત્ર અભિમન્યુ નો આ મહારથીઓએ શિકાર કર્યો. આમ યુદ્ધના તેરમા દિવસે અભિમન્યુનું અવસાન થયું. પરંતુ આજે પણ તેની હિંમત, નિર્ભયતા અને ધર્મ પ્રત્યેનો પ્રેમ શાશ્વત છે.

**તમારા પૂરા હૃદયથી ધર્મ માટે લડો**

# કૃષ્ણ અને અર્જુન અને દુર્યોધન (Krishna and Arjun and Duryodhana)

.

બધા મહાભારત યુદ્ધ માટે તૈયારી કરતા હતા. યાદવ કૃષ્ણ ની મદદ ઇચ્છતા દુર્યોધન અને અર્જુન બન્ને દ્વારકા માટે પ્રસ્થાન કર્યું. દુર્યોધન કૃષ્ણ ના મહેલ માં પેહલો પહોંચ્યો અને જોયું કે કૃષ્ણ સુતા હતા.તે કૃષ્ણ ના માથા ની બાજુમાં બેસી ગયો. પાછળથી આવેલ અર્જુને જોયું કે કૃષ્ણ આરામ કરે છે,તેથી આવાજ કર્યા વગર તે કૃષ્ણના પગ પાસે બેઠો.જ્યારે કૃષ્ણ ઉઠ્યા ત્યારે સ્વભાવિક પહેલા અર્જુન ને જોયો. કૃષ્ણે અર્જુનને પૂછ્યું કે તે શું મદદ કરી શકે ? અહીં દુર્યોધને ગુસ્સે થઇ કૃષ્ણને કહ્યું કે તે પહેલા આવ્યો છતાં અર્જુન ને કેમ પ્રાથમિકતા આપી? કૃષ્ણે સમજાવ્યું કે અર્જુન નમ્રતાથી પગ પાસે બેઠેલો હોવાથી કૃષ્ણે તેને પહેલા જોયો વળી તે નાનો પણ છે તેથી અર્જુને પહેલા માંગવું જોઈએ. કૃષ્ણે એ બંનેને કહ્યું કે કા તો યાદવની આખી સેના માંગી શકે અથવા નિઃશસ્ત્ર કૃષ્ણ પોતાના પક્ષમાં લઇ શકે છે. અર્જુને તરત જ કૃષ્ણ માંગ્યા. આ જોઈ દુર્યોધન ખુશ થયો. અર્જુન જાણતો હતો કે કૃષ્ણની કૃપાથી જ વિજય મળે.

**જો ભગવાન તમારી પડખે છે તો જીત તમારી જ થશે**

vedik

# યુધિષ્ઠિર અને કૂતરો (Yudhishtir and the dog)

મહાભારત યુદ્ધ પછી, પાંડવો અને દ્રૌપદીએ તેમના રાજ્યને પુનર્સ્થાપિત કર્યું. પછી સમય આવતા અંતિમ યાત્રાની તૈયારી માટે હિમાલય મુસાફરી કરવાનું નક્કી કર્યું. એક કૂતરો પણ તેમની સાથે જોડાયો. એક પછી એક, દરેક પાંડવોની અંતિમ ઘડી આવી. સહુ પહેલા દ્રૌપદી, ત્યાર બાદ સહદેવ, નકુલ, અર્જુન અને ભીમ આમ બધા પાંડવો અંતિમ યાત્રાએ નીકળી પડ્યા. માત્ર યુધિષ્ઠિર અને કૂતરો જ હવે યાત્રામાં બાકી રહ્યા. સ્વર્ગમાં જાવાનો અવસર હોવાથી ઇન્દ્રદેવ યુધિષ્ટિરને લેવા આવ્યા અને પોતાના રથમાંથી ઉતર્યા. યુધિષ્ઠિરને સ્વર્ગમાં આવવા આમંત્રણ આપ્યું. યુધિષ્ઠિર કુતરા સાથે રથમાં બેસવા તૈયાર થયા ત્યારે ઈન્દ્રદેવે કહ્યુંકે માત્ર યુધિષ્ઠિર જ સ્વર્ગમાં આવી શકે. યુધિષ્ઠિરે જવાબ આપ્યો કે "કૂતરો વૃદ્ધ હોવા છતાં, આખી મુસાફરી દરમિયાન મારી સાથે રહ્યો તેથી હું તેને એકલો મૂકીને સ્વર્ગમાં આવી ન શકું." ઈન્દ્રદેવે જવાબ આપ્યો, "તો પછી રથ  તારા વગર જ સ્વર્ગમાં પાછો જશે ." યુધિષ્ઠિરે જવાબ આપ્યો, "ભલે જાઓ, પણ હું આ કૂતરાને એકલો પાછળ છોડીશ નહીં." ત્યાંજ અચાનક, કૂતરાએ તેનું સાચું સ્વરૂપ બતાવ્યું. કૂતરો પ્રચ્છન્ન રૂપમાં ધર્મદેવ હતો. ધર્મદેવને ગર્વ થયો કે પોતાનો પુત્ર  યુધિષ્ઠિર ખરેખર ખૂબ ન્યાયી છે.અંતે ખુશ થઇ ધર્મદેવની કૃપાથી  બધા જ  પાંડવો સાથે યુધિષ્ઠિર સ્વર્ગમાં ગયા.

**સાચા નેતાઓ કોઈને પાછળ છોડતા નથી**

# શકુંતલા (Shakuntala)

શકુંતલા વિશ્વામિત્ર અને મેનકાની પુત્રી હતી, પરંતુ તેનો ઉછેર ઋષિ કણ્વે કર્યો હતો. ઋષિ કણ્વને આ બાળકી શકુંત પક્ષીઓથી ઘેરાયેલી મળી તેથી તેનું નામ શકુંતલા રાખ્યું.શકુંતલા પ્રકૃતિને ખૂબ પ્રેમ કરતી હતી. તેના દિવસો વૃક્ષો ની છાયામાં પશુ પંખી સાથે રમવામાં અને છોડની સંભાળ રાખવામાં પસાર થતા. એક દિવસ, રાજા દુષ્યંત શિકાર કરવા નીકળ્યા હતા અને એક હરણ નો પીછો કરતા દુષ્યંત શકુંતલાને મળ્યા ત્યારે પ્રકૃતિ પ્રત્યેના તેના પ્રેમથી પ્રભાવિત થયા. પછી શકુંતલા અને દુષ્યંતના લગ્ન થયા અને દુષ્યંત તેના રાજ્યમાં પાછા ગયા. એક દિવસ, ઋષિ દુર્વાસા કણ્વ ઋષિને મળવા આવ્યા. શકુંતલા દુષ્યંત ના વિચારો માં ખોવાયેલી હોવાથી દુર્વાસાને નમસ્કાર ન કર્યા. દુર્વાસા ઋષિ આ અવજ્ઞાજોઈ ગુસ્સે થયા અને તેને શ્રાપ આપ્યો કે જે દુષ્યંત ના લીધે તું મારી અવજ્ઞા કરે છે તે તને ભૂલી જશે. આ સાંભળી ને શકુંતલા ખૂબ દુઃખી થઇ અને તેને માફી માંગી ત્યારે દુર્વાસા કહે કે જ્યાં સુધી દુષ્યન્તને કોઈ અંગત વસ્તુ ન બતાવે ત્યાં સુધી જ તે શકુંતલા ને ભૂલશે. શકુંતલાએ દુષ્યંતના પાછા આવવાની રાહ જોઈ, પણ તે પાછા આવ્યા નહીં. હવે શકુંતલાએ દુષ્યન્તને મળવા માટે હસ્તિનાપુર જવાનું નક્કી કર્યું.શકુંતલાની પાસે દુષ્યંતની આપેલી વીંટી હતી, તેથી દુર્વાસા ના શ્રાપ ની ચિંતા ન હતી. વિધિ ની કઠોરતા તો જુવો, આ વીંટી રસ્તા માં નહાતી વખતે નદીમાં ખોવાઈ ગઈ અને શકુંતલા ને ખબર પણ ના પડી. શકુંતલા હસ્તિનાપુર પહોંચી ત્યારે દુષ્યંતને દુર્વાસા ના શ્રાપ ના કારણે વિસ્મૃતિ થઇ અને દુષ્યંત રાજાએ શકુંતલાને સ્વીકારવાની ના પાડી. આથી દુઃખી શકુંતલા અસ્વસ્થ થઇ કણ્વ ઋષિના આશ્રમમાં પાછી ફરી. તેણીને ભરત નામનો પુત્ર થયો જે બહાદુર અને હિંમતવાન હતો.એક દિવસ, માછીમારને માછલીની અંદર દુષ્યંતની આપેલી વીંટી મળી.માછીમારે તે રાજા દુષ્યંતને આપી. હવે દુષ્યંત ને પોતાના લગ્ન શકુંતલા સાથે થયેલા તે યાદ આવ્યું. આતુરતાથી દુષ્યંત કણ્વ ઋષિના આશ્રમમાં પાછો ગયો જ્યાં તેને ભરત ને સિંહના બચ્ચાના દાંત ગણતો જોવા મળ્યો આ ભરત તેનો પુત્ર છે જાણીને ખૂબ આનંદથી દુષ્યંત શકુંતલા અને ભરતને પોતાની સાથે હસ્તિનાપુરમાં રહેવા લાવ્યો. આ ભરત જ પાંડવો અને કૌરવોના પૂર્વજ હતા.

**તમારા માટે ઊભા રહેવાની હિંમત રાખો**

# રાજા સંવરણ (Raja Samvaran)

ઘણા સમય પહેલા, ભારત માં ભયંકર દુકાળ પડ્યો. રાજા સંવરણ પોતાની પ્રજાના દુઃખથી વ્યથિત હતો. ત્યાં પંચાલ રાજાએ તેની સામે યુદ્ધની ઘોષણા કરી.સંવરણની સેના નાની અને નબળી હતી છતાં વીર સંવરણ સૈનિકોને કુશળતાંથો માર્ગદર્શન આપી લડ્યો પણ યુદ્ધમાં હારી જતા જીવ બચાવવા જંગલમાં બચેલા સૈનિકો સાથે ભાગી ગયો. જંગલ ની ટેકરી ઉપર એક નાનો કિલ્લો બનાવી સારા મોકાની  રાહ જોતા બેઠો હતો. એક દિવસ વસિષઠ ઋષિ રાજાને મળવા આવ્યા તો સંવરણે આદરપૂર્વક તેમનું સ્વાગત કર્યું, રાજાએ ઋષિના પગ ધોયા અને ભોજન આપી પોતાના ગુરુ બનવા કહ્યું. વશિષ્ઠે સ્વીકૃતિ આપી કહ્યું કે સંવર્ણને પોતાનું ભાગ્ય સુધારવા હિંમતથી લડવાની જરૂર છે. પોતાનું રાજ્ય પાછું મેળવવા માટે કુનેહથી પ્રયત્નો કરવા પડશે.સંવરણએ ગુરુ આજ્ઞા માથે ચડાવી સૈન્ય તૈયાર કર્યું અને હિંમતથી પંચાલ પર ઓચિંતો હુમલો કરી જીત મેળવી. આ સંવરણ રાજાના પુત્ર કુરુ પાંડવો અને કૌરવોના પૂર્વજ હતા.

**ધર્મ માટે લડવા તૈયાર રહો**

# વિદુલા (Vidula)

પાંડવો જ્યારે વનવાસમાં હતા ત્યારે કુંતીએ આ વાર્તા પાંડવોને કહી હતી. સૌવીર નો રાજકુમાર સંજય નાની ઉમર માં રાજા બન્યો કારણકે તેના પિતાનું અચાનક અવસાન થયું. આ મોકો જોઈ પડોશી સિંધુ રાજાએ સૌવિરા પર હુમલો કર્યો. નાનો સંજય યુદ્ધમાં સિંધુ રાજા ની વિશાળ સેનાને જોઈને ગભરાઈ ગયો. સિંધુ સેનાએ સંજયના સૈનિકો ઉપર ઉગ્ર હુમલો કર્યો.ડરથી સંજય ભાગીને તેના કિલ્લા તરફ પાછો ગયો.ઘાયલ યુવાન રાજાને પાછો ફરતો જોઈને વિદુલા માતાએ રક્ષકોને કિલ્લાના દરવાજા બંધ કરવાનો આદેશ આપ્યો. વિદુલાએ યુદ્ધથી ભાગેલા તેના પુત્ર સંજય પ્રત્યે  કોઈ સહાનુભૂતિ દર્શાવી નહીં અને કહ્યુકે "તારી પાસે બે વિકલ્પ છે. યુદ્ધ માં વિજય અથવા તો મૃત્યુ! આ કાયરતા દૂર કરી યુદ્ધમાં પાછા ફરો" તેની માતાના શૌર્ય જગાવતા પ્રેરણાદાયી શબ્દો સાંભળીને, સંજય યુદ્ધમાં પાછો ફર્યો અને ઘણી મુશ્કેલી પછી સિંધુ સેનાને હરાવી વિજયી બન્યો.

**હિંમતવાન અને મજબૂત બનો**

Vedik

# રાજા શિબી (Raja Shibi)

રાજા શિબી સત્યવાદી, દયાળુ અને પ્રામાણિક હતા. શીબી ના આ ગુણો જોઈ અગ્નિ દેવ અને ઇન્દ્ર ભગવાને રાજા શિબીની કસોટી કરવાનું નક્કી કર્યું.ઇન્દ્ર, ગરુડના વેશમાં, અને અગ્નિ કબૂતરના વેશમાં શીબી રાજાના મહેલ તરફ ઉંડાણ કરવાનું શરૂ કર્યું. કબૂતરે રાજા શિબી પાસે આશ્રય માંગી ગરુડ થી બચાવવા પ્રાર્થના કરી.રાજા શિબીએ ભયભીત પક્ષીનું રક્ષણ કરવાનું વચન આપ્યું. વચન સાંભળીને કબૂતર નિશ્ચિંન્ત થયો પણ ગરુડે અસ્વસ્થ થઇ રાજા શિબીને કહ્યુકે, "તમે જો તમારા બધા જ આશ્રિતોનું રક્ષણ કરવાના હોય તો મારુ પણ કલ્યાણ કરો. મને ભૂખ લાગી છે અને આ કબૂતર મારું ખાદ્ય છે. કૃપા કરીને મને મારુ ભોજન આપો." રાજા શિબીએ કહ્યુકે "આ કબૂતર હવે મારા રક્ષણ હેઠળ છે તેથી હું તે આપી શકતો નથી. પણ તમે સાચા છો. તમને ભોજન મળવું જોઈએ તો કૃપા કરીને તેના બદલે મારું માંસ સ્વીકારો". આમ કહીને ગરુડને કબૂતર સમાન વજનનું માંસ નો વિનિમય કરવા તેઓ સંમત થયા. તેઓએ વજનકાંટા માં એક બાજુ કબૂતર મૂક્યું અને રાજા શિબી પોતાના શરીર માંથી માંસ કાપી મુકતા રહ્યા પણ જાણે કબૂતરનું વજન વધતું ના હોય, કબુતર નો કાંટો ઊંચો જ રહ્યો!આખરે રાજાએ પોતાનું આખું શરીર વજનકાંટા ઉપર મૂક્યું, પક્ષી માટે પોતાનું બલિદાન આપવા તૈયાર થયેલ સીબીને જોઈને, દેવોએ તેમના સાચા સ્વરૂપો બતાવ્યા અને રાજાની પ્રામાણિકતા અને સચ્ચાઈ ની પ્રશંસા કરી.

**એક સારો નેતા નબળાઓની સંભાળ રાખે છે**

Vedink

# બ્રાહ્મણ પરિવારનો યજ્ઞ (The brahman family's yagna)

એક ગામમાં ગરીબ બ્રાહ્મણ પોતાના કુટુંબ સાથે રહેતો હતો. તેમના કુટુંબમાં બ્રાહ્મણ પત્ની, તેનો છોકરો અને પુત્રવધુ હતા. ઘણાં દિવસ તેઓને ખાવા ન મળતું, તો બધા ભૂખ્યા રહેતા.
એક  નસીબદાર દિવસે, બ્રાહ્મણને ખોબો ભરીને અનાજ મળ્યું તો આનંદથી ખુશ થતો તે ઘરે આવ્યો અને તેની પત્નીને અનાજ  રાંધવા  કહ્યું  કે," આજે આપણે બધા પેટ ભરીને સાથે જમશું." જ્યારે રસોઈ તૈયાર થઇ, તો કુટુંબ જમવા બેઠું ત્યારે જ કોઈએ દરવાજો ખટખટાવ્યો. બ્રાહ્મણે દરવાજો ખોલ્યો અને જોયું  કે  એક અજાણી વ્યક્તિ ઉભી હતી. બ્રાહ્મણે પોતાની થાળી અજાણ્યા માણસને આપી, જમવા બેસાડ્યો. તે  માણસે આખી થાળી સફાચટ કરી પણ હાજી તેણે હાથ ચાટતો જોઈ બ્રાહ્મણ પરિવારને લાગ્યું કે તે ભૂખ્યો છે. એક પછી એક બ્રાહ્મણ પત્ની, બ્રાહ્મણ ના દીકરા અને વહુએ પોતાના ભાગનું ખાવાનું અતિથિને આપ્યું. આખરે અજાણ્યો માણસ તૃપ્ત થયો. આમ આજે પણ પરિવારને ભૂખ્યા રહેવું પડ્યું પણ કોઈના મોઢા ઉપર અફસોસ ન હતો કારણ કે અજાણ્યો માણસ સંતોષથી જમીને તૃપ્ત થઇ ને ગયો હતો. તે રાત્રે બ્રાહ્મણના ઘરમાં એક નોળિયો આવ્યો અને તે આમ-તેમ આળોટતો હતો ત્યારે, તેના શરીરનો જે ભાગ જમીનને સ્પર્શ્યો તે ભાગ સોનાનો થઇ ગયો. આ જોઈને ડાહ્યા માણસે કહ્યું કે, "બ્રાહ્મણ! તમે અને તમારા પરિવારે આજે મોટું યજ્ઞ કર્યું છે!  જયારે તમારી પાસે ખૂબ હોય, ત્યારે આપવાનું સહેલું છે, પણ થોડું જ હોય ત્યારે તમે બધું જ આપ્યું , તેજ સૌથી મોટો યજ્ઞ કહેવાય."

**સાચા યજ્ઞ માટે બલિદાનની જરૂર હોય છે**

Vedik